123

# કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ
## પંચમહાલની કચેરી ગોધરા

જિલ્લા સેવા સદન-૧, સિવિલ લાઈન્સ રોડ, ગોધરા-૩૮૯૦૦૧, જિ.પંચમહાલ,
ફોન નંબર :- ૦૨૬૭૨ ૨૪૫૦૩૦, ફેકસ:-૨૬૭૨ ૨૪૨૮૯૯
E-Mail :collector-pan@gujarat.gov.in

सत्यमेव जयते

आज़ादी का अमृत महोत्सव

133

નંબર: વીપીજમન/હુકમ/મુદત વધારો/વશી/૯૯૨ થી ૯૯૪ /૨૦૨૨ તા. ૭ /૦૩/૨૦૨૨

565
07/3/22

વાંચ્યા:-

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક જમન/૧૮૧૫/૧૭૬૭/ગ તા.૧૬/૦૮/૨૦૧૬

(૨) અત્રેની કચેરીના હુકમ નં.વીપીજમન/વશી/૨૧૨૮થી૨૧૪૦/૨૧, તા.૧૬/૦૯/૧૬

(૩) પ્રાચાર્યશ્રી, કેન્દ્રીય વિદ્યાલયના તા.૦૭/૦૯/૨૦૨૧નો પત્ર

(૪) અત્રેની કચેરીના પત્ર નં.વીપીજમન/વશી/૨૯૯૨-૯૩/૨૦૨૧ તા.૧૬/૧૧/૨૦૨૧

(૫) સરકારશ્રીના મહેસુલ વિભાગના પત્ર નં.જમન/૧૮૧૫/૧૭૬૭/ગ(ક્રૃ) તા.૨૨/૦૨/૨૦૨૨

વિષય :: મોજે.ગોધરા(ક) તા.ગોધરા સ.નં.૧૦૪૧,૧૦૪૨, તથા સ.નં.૧૦૪૩ પૈકી ૧ ની હે.૩-૧૧-૬૩ ચો.મી. જમીન કેન્દ્રીય વિદ્યાલય,ગોધરાને ફાળવેળ જમીનના બાંધકામની મુદતમાં વધારો કરવા બાબત.
કેન્દ્રીય વિદ્યાલય સંગઠન, ભારત સરકાર, અમદાવાદ રીજીયન, અમદાવાદ.

COLLECTOR PANCHMAHAL GODHRA

**<u>પ્રસ્તાવના</u> ::**

અત્રેની કચેરીના આમુખ(૨) ના હુકમથી મોજે.ગોધરા(ક) તા.ગોધરા સ.નં.૧૦૪૧, ૧૦૪૨,તથા સ.નં.૧૦૪૩ પૈકી ૧ ની હે.૩-૧૧-૬૩ ચો.મી. જમીન કેન્દ્રીય વિદ્યાલય,ગોધરા માટે કેન્દ્રીય વિદ્યાલય સંગઠન, ભારત સરકાર, અમદાવાદ રીજીયન, અમદાવાદને શૈક્ષણિક હેતુસર સને ૧૯૭૨ના જમીન મહેસુલ નિયમોના નિયમ-૩૨(૧) અને ૩૨(ક) ની જોગવાઇ મુજબ "ખાસ કિસ્સામાં" વિના મુલ્યે કિંમત માફી અને મહેસુલ માફીથી શરતોને આધીન સરકારશ્રીના આમુખ(૧)ના તા.૧૬/૦૬/૨૦૧૬ના ઠરાવની જોગવાંઇઓને આધીન રહી ફાળવવા હુકમ કરવામાં આવેલ.

પ્રાચાર્યશ્રી, કેન્દ્રીય વિદ્યાલયના આમુખ (૩)ના પત્રની વિગતોએ અત્રેના ૨૦૧૬ના હુકમની શરત નં.૨ મુજબ તેઓ દ્વારા ૨ વર્ષમાં બાંધકામ કરેલ ન હોઇ, બીજા ૨૪ (ચોવીસ) માસ (ડીસેમ્બર-૨૦૨૩) સુધી મુદત વધારી આપવા રજુઆત કરેલ છે.

અત્રેના આમુખ (૪)ના તા.૧૬/૧૧/૨૦૨૧ના પત્રથી સરકારશ્રીમાં યોગ્ય નિર્ણય અર્થે દરખાસ્ત કરવામાં આવેલ જે અન્વયે સરકારશ્રીના મહેસુલ વિભાગના આમુખ (૫) ના પત્રથી

કાર્યક્રમની મુદત તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી મુદત વધારો કરવાની મંજૂરી આપવા તથા આગળની આનુષાંગીક કાર્યવાહી કરવા અત્રે જણાવેલ છે.

હુકમ :-

સબબ, ઉપરોકત વિગતે અત્રેના તા.૧૬/૦૯/૨૦૧૬ના હુકમની શરતમાં ... મુદતમાં તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીનો મુદત વધારો કરવા હુકમ કરવામાં આવે છે.

શરતો ::

(૧) તા.૧૬/૦૯/૨૦૧૬ના હુકમની અન્ય શરતો યથાવત રહેશે.

- ગામ દફતરે હુકમ મુજબ નોંધ કરી અમલ કરવો.

COLLECTOR PANCHMAHAL GODHRA

સુજલ મયાત્રા
(સુજલ મયાત્રા)
કલેકટર પંચમહાલ
ગોધરા

પ્રતિ,
પ્રાચાર્યશ્રી,
કેન્દ્રીય વિદ્યાલય,
દલુની વાડી ગોધરા.

નકલ રવાના:-

(૧) સેકશન અધિકારીશ્રી, મહેસુલ વિભાગ- ગ(ક) શાખા, નવા સચિવાલય, ગાંધીનગર

(૨) મામલતદારશ્રી, ગોધરા (શહેર/ગ્રામ્ય)

૨/- ગામ દફતરે નોંધ કરવા સારૂ.

(૩) સીલેકટ ફાઈલે

07/03/2022

# નગરપાલિકા ગોધરા

તા.ગોધરા-૩૮૯૦૦૧ જી.પંચમહાલ ગોધરા(ગુજરાત)

Email : np_godhara@yahoo.co.in Fax no-02672-242443 Office no.243184

જા.નં.સર્વે/ ૩૩

તા.૨૦/૦૫/૨૦૨૨

પ્રતિ,

કેન્દ્રીય વિધાલય,

નગર પાલિકા હોસ્પિટલ,

પટેલવાડા,ગોધરા.

વિષય : કેન્દ્રીય વિધાલય ગોધરા( શૈક્ષણિક સંસ્થા ) બાંધકામ કરવા બાબત

સંદર્ભ : આપશ્રીની તા.૨૦.૦૪.૨૦૨૨ ના પત્ર નં. ૧૨૦૮૫/KVG/૨૦૨૨-૨૩/૫૮૭ અન્વયે.

ઉપરોક્ત વિષયે સંદર્ભ અન્વયે સવિનય જણાવવાનુંકે, આપશ્રી ધ્વારા સ.નં.૧૦૪૧, ૧૦૪૨ તથા ૧૦૪૩ માં શૈક્ષણીક હેતુસર બાંધકામ કરવા માટે અત્રેની કચેરીની મંજુરી માંગેલ છે, જે અન્વયે જણાવવાનુંકે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ- ૩૯(૧) માં જણાવ્યા મુજબ કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારનો કોઇ વિભાગ,સરકારના કોઇ હેતુ માટે કોઇ જમીનનો વિકાસ કરવા અથવા કોઇ સંચાલનાર્થી બાંધકામ કરવા માંગે ત્યારે તેણે તેની પૂરેપુરી વિગતો આપીને અને એવો વિકાસ અથવા બાંધકામ હાથ ધર્યાના ઓછામાં ઓછા ત્રીસ દિવસ પહેલા ઠરાવવામાં આવે તેવા દસ્તાવેજો અને નકશા સાથે સામેલ કરીને તેમ કરવાના પોતાના ઇરાદાની લેખિત જાણ સમુચિત સત્તામંડળને કરવી જોઇશે.તેવી જોગવાઇ કરવામાં આવેલ છે.

જે મુજબ આપશ્રી ધ્વારા સ્થળે બાંધકામ હાથ ધર્યાના પહેલા દિન-30 તમામ દસ્તાવેજો તથા તમામ નકશાની નકલો અત્રે રજુ કરવા જણાવવામાં આવે છે.

મુખ્ય અધિકારી

નગર પાલિકા ગોધરા